એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટ નં. ૩૪ (નેગો.ઈ.એકટ કોર્ટ ), અમદાવાદ.

*ફોજદારી કેસ નંબર : ૨૪૫/ ૨૦૧૩*

***<u>આંક-૧ તળે હુકમ</u> :***

કેસનું રેકર્ડ વંચાણે લીધું.

કેસનું રેકર્ડ ધ્યાને લેતાં, આ કામે ફરિયાદી ધ્વારા આરોપીઓ સામે હાલની ફરીયાદ **તા. ૨૦ /૧૧/ ૨૦૧૩** ના રોજ ધી નેગોશીએબલ ઈન્સ્ટ્રુમેન્ટ એકટની કલમ ૧૩૮ હેઠળ અદાલતમાં દાખલ કરવામાં આવેલ હતી. કેસનુ રોજકામ જોતાં છેલ્લી ઘણી મુદતોમાં ફરિયાદપક્ષે મુદતે કોઈ હાજર રહેતુ ન હોવાનું રોજકામ જોતા ફલિત થાય છે. ફરિયાદીને તેમનો કેસ ચલાવવાની વારંવાર તક આપવા છતાં આ કેસની કાર્યવાહી આગળ ચાલી શકેલ નથી. આજરોજ ૫.૩૦ કલાકે પક્ષકારોનો પોકાર કરતાં, ફરીયાદી હાજર નથી તેમજ ફરીયાદી તર્ફે કોઈ રજુઆત નથી.

કેસનું રેકર્ડ જોતાં, હાલનો કેસ ઘણો જુનો છે અને ફરિયાદપક્ષે કોઈ હાજર રહેતુ ન હોય તથા અને આરોપીને પ્રોસેસની બજવણી કરવા માટે ફરીયાદપક્ષે આરોપીનુ નવુ સરનામુ રજુ રાખી શકેલ ન હોય તથા આ સંબંધે નામદાર સુપ્રિમ કોર્ટે એસ.રામાક્રિષ્ના વિ. રામારેડ્ડી, (૨૦૦૮)(૦)એ.આઈ.આર.(એસ.સી.) ૨૦૬૬ ના ચુકાદામાં ઠરાવેલ સિધ્ધાંત મુજબ ફરિયાદીને અચોકકસ સમયગાળા માટે ફરિયાદ પડતર રાખી મુકવા માટે અનુમતિ આપી શકાય નહીં તે ધ્યાને લેતાં તથા સાથોસાથ નામદાર ગુજરાત હાઈકોર્ટનો ભવાની ટેક્ષટાઈલ્સ મીલ્સ વિ. સ્ટેટ ઓફ ગુજરાત, ક્રિમીનલ અપીલ નં. ૨૪૦૫/૨૦૦૯, તારીખ ૧૮.૦૧.૨૦૧૦ નો ચુકાદો ધ્યાને લેતાં તેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટે ઠરાવેલ છે કે, ફરિયાદી કે તેમના વિ.વ.શ્રી લાંબા સમયથી કાર્યવાહીમાં હાજર રહેતા ન હોય કે કેસની કાર્યવાહી આગળ ધપાવવા કોઈ સક્રિય પ્રયાસ કરતાં ના હોય તો તેને ફરિયાદપક્ષની બેદરકારી કહેવી પડે અને તેવી બેદરકારી સબબ ફરિયાદ રદ થવાને પાત્ર ઠરે છે. આમ, ઉપર કરેલ ચર્ચા મુજબ હાલના કેસમાં પણ ફરિયાદ ફરિયાદીની કસુરના કારણે રદ થવાને પાત્ર હોય, ન્યાયના વિશાળ હિતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**<u>હુકમ</u>**

હાલની ફરિયાદ, ફરિયાદીની બેદરકારી અને કસુરના કારણે '' **રદ** '' કરવાનો હુકમ કરવામાં આવે છે. આ કામના આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા. ૧૭ મી, માહે – એપ્રિલ , સને ૨૦૨૩ ના રોજ વાંચી સભળાવી જાહેર કર્યો.

સ્થળ : અમદાવાદ

તારીખ : ૧૭-૦૪-૨૦૨૩

**(પી. જે. ચૌધરી )**
એડીશ્નલ ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટ
નેગો.ઈન્સ્ટ્રુમેન્ટસ એકટ, કોર્ટ નં. ૩૪
અમદાવાદ (જીજે-૦૧૦૩૨)